# સોશિઅલ સિક્યુરિટી

## યુ.એસ.ના સ્થાયી નિવાસીઓ માટે સોશિઅલ સિક્યુરિટી નંબર

અમને ખુશી છે કે, આપ યુનાઈટેડ સ્ટેટ્સમાં ઈમિગ્રેશન પર જવા ઈચ્છો છો. યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવેશ મેળવ્યા પછી, આપના ઈમિગ્રેશન વીઝાના આધારે, આ યુ.એસ.ના કાયમી નાગરિક બનશો. યુનાઈટેડ સ્ટેટ્સમાં કામ કરવા, બૅન્ક અથવા નાણાંકીય સંસ્થા સાથે વ્યવહાર કરવા, કરવેરા ચૂકવવા અથવા કરવેરા રીટર્ન પર પરત મેળવવા, તથા અન્ય હેતુઓ માટે પ્રત્યેક કાયમી નિવાસી પાસે સોશિઅલ સિક્યુરિટી નંબર હોવો જરૂરી છે.

### જ્યારે આપે વીઝા માટે અરજી કરી હોય ત્યારે જો સોશિઅલ સિક્યુરિટી માટે અરજી કરી હોય તો

આપની વીઝાની અરજીના ભાગરૂપે જો આપે સોશિઅલ સિક્યુરિટી નંબરના કાર્ડ માટે અરજી કરી હશે અને જ્યારે આપ યુનાઈટેડ સ્ટેટ્સમાં દાખલ થાઓ ત્યારે જો આપની આયુ 18 વર્ષ કે તેથી વધુ હોય તો, આપને જારી કરવામાં આવનારા કાર્ડ માટેની જરૂરી માહિતિ યુ.એસ. ડીપાર્ટમેન્ટ ઑફ સ્ટેટ્સ અને યુ. એસ. ડીપાર્ટમેન્ટ ઑફ હૉમલૅન્ડ સિક્યુરિટી દ્વારા અમારી સાથે વહેંચવામાં આવશે. આપને ખાસ અરજી કરવાની કે સોશિઅલ સિક્યુરિટી ઑફિસમાં જવાની જરૂર નહીં પડે. અમે આપને એક નંબર ફાળવીશું અને આપનું સોશિઅલ સિક્યુરિટી કાર્ડ યુ.એસ. મેઈલિંગ ઍડ્રેસ પર મોકલાવીશું જ્યાં ડીપાર્ટમેન્ટ ઑફ હૉમલૅન્ડ સિક્યુરિટી આપને કાયમી નિવાસી કાર્ડ મોકલાવશે. આપ આવી જાઓ તેના 3 સપ્તાહ પછી આપને આપનું સોશિઅલ સિક્યુરિટી કાર્ડ મળી જવું જોઈએ. જો આપને તે ન મળે તો, અમને કૉલ કરજો. અમે ડીપાર્ટમેન્ટ ઑફ હૉમલૅન્ડ સિક્યુરિટી તથા ડીપાર્ટમેન્ટ ઑફ સ્ટેટને આપને ફાળવેલો નંબર પૂરો પાડીશું

### જો આપની વીઝા અરજી સાથે સોશિઅલ સિક્યુરિટી નંબર માટે વિનંતિ ન કરી હોય કે આપની આયુ 18 વર્ષથી ઓછી હોય

જો આપે આપની વીઝા અરજી સાથે સોશિઅલ સિક્યુરિટી નંબર માટે વિનંતિ ન કરી હોય કે આપની આયુ 18 વર્ષથી ઓછી હોય તો, જ્યારે આપ યુનાઈટેડ સ્ટેટ્સમાં આવો ત્યારે તમો સોશિઅલ સિક્યુરિટી ઑફિસમાં અચૂકપણે અરજી કરવાની રહેશે. જયારે આપની પાસે કાયમી સરનામું હોય જ્યાં અમે આપનું કાર્ડ મેઈલ કરી શકીએ, ત્યારે ક્યાં અરજી કરવી તે જાણવા માટે કૃપા કરીને અમને કૉલ કરજો. સોશિઅલ સિક્યુરિટી કાર્ડ માટે જયારે આપ સોશિઅલ સિક્યુરિટી ઑફિસને અરજી કરો ત્યારે તમારી સાથે તમારો પાસપૉર્ટ અથવા પ્રવાસના દસ્તાવેજો, કાયમી નિવાસી કાર્ડ (ફૉર્મ આઈ-551), જો આપને તે મળી ગયું હોય, તે તથા કાર્ડ માટે અરજી કરી રહેલા પરિવારના પ્રત્યેક સભ્યના જન્મનું પ્રમાણપત્ર સાથે લઈ જજો. અરજી ભરવામાં એક સોશિઅલ સિક્યુરિટી પ્રતિનિધિ આપની મદદ કરશે. આપની અરજી અંગે કામ કરવા માટે અમારે જોઈતી બધી જ વિગતો આપ પૂરી પાડશો તેના 2 સપ્તાહમાં આપને આપનું કાર્ડ મળી જશે. જારી કરતી ઍજન્સી સાથે જો અમારે કોઈ દસ્તાવેજોની ચકાસણી કરવાની હશે તો, સમય વધુ લાગી શકે છે.

### વધારાની માહિતિ

સોશિઅલ સિક્યુરિટી નંબરની ફાળવણી કરવા માટે કે સોશિઅલ સિક્યુરિટી કાર્ડ જારી કરવા માટે અમે કોઈ જ ચાર્જ વસુલતા નથી. જો આપનાથી કાર્ડ ખોવાઈ જાય તો અમે તેને બદલે નવું કાર્ડ નિઃશુલ્ક પૂરું પાડીશું. અમારી સલાહ છે કે, કોઈપણ મહત્ત્વપૂર્ણ દસ્તાવેજની માફક, આપ આપનું કાર્ડ સુરક્ષિત સ્થળે રાખો.

સોશિઅલ સિક્યુરિટી નંબર માટે આપ જે માહિતિ પૂરી પાડશો તે અમે ચુસ્તપણે ખાનગી રાખીશું અને કાયદા હેઠળ જરૂરી હોય તે સિવાય જાહેર નહીં કરીએ. દાખલા તરીકે, પ્રાયવસી કાયદાને અનુલક્ષીને અન્ય સરકારી ઍજન્સી સાથે અમે માહિતિ વહેંચી શકીએ છીએ. આ વિશે વધુ જાણકારી માટે કૃપા કરીને અમારો સંપર્ક કરો.

યુનાઈટેડ સ્ટેટ્સમાં, સ્થાનિક ટેલીફોન ડિરેક્ટરીમાં "યુનાઈટેડ સ્ટેટ્સ ગવર્નમેન્ટ" શિર્ષક હેઠળ સોશિઅલ સિક્યુરિટીના નંબરે કે સોશિઅલ સિક્યુરિટીના ટોલ-ફ્રી નંબર 1-800-772-1213 ઉપર કૉલ કરી શકો છો. ઈન્ટરનેટ પર www.ssa.gov પરથી સૌથી સમીપની સોશિઅલ સિક્યુરિટી ઑફિસ આપ શોધી શકશો. યુનાઈટેડ સ્ટેટ્સ માટે રવાના થતાં પહેલાં, જો આપને અમારો સંપર્ક કરવાની આવશ્યકતા હોય તો, સમગ્ર વિશ્વમાં યુનાઈટેડ સ્ટેટ્સ એલચી કચેરીઓ (યુનાઈટેડ સ્ટેટ્સ એમ્બસીઝ) અને કૉન્સ્યુલૅટ્સની સહાયતા અમને મળે છે. ફિલિપિન્સમાં, મનિલા ખાતે વેટરન્સ અફેર્સ રીજનલ ઑફિસ અમને સહાય કરે છે.

**સોશિઅલ સિક્યુરિટી ઍડમિનિસ્ટ્રેશન બાલ્ટિમોર એમડી 21235-0001**